અપીલ અરજી નં.૨૧ તા.૧૩–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૯–૩–૧૧ની અરજીથી ઉધના ત્રણ રસ્તા ધ્રુવી કોમ્પલેક્ષનું હમણાં ડીમોલીશન થયુ તેની સંપુર્ણ વિગતો નોટીસ આપી હોય તો તેની વિગતો. ડીમોલીશન અટકયુ છે તેની વિગતો તથા અચાનક ડીમોલીશનનું નાટક થયુ તેની વિગતો. આ બિલ્ડીંગનું બાંધકામ થયુ તે દિવસે નહી અટકાવનનાર કટકી કરનાર જવાબદાર છતાં બેજવાબદાર ભ્રષ્ટ અધિકારી વિરૂધ્ધ કાર્યવાહી થઈ હોય તો તેની માહિતિ તથા ન થઈ હોય તો તેના કારણો તથા નામ હોદ્દા સહિતની સંપુર્ણ માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૧૩–૪–૧૧ ની **SMC/FAP/** નં.૨૧ /૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૯–૩–૧૧ની અરજીથી ઉધના ત્રણ રસ્તા ધ્રુવી કોમ્પલેક્ષનું હમણાં ડીમોલીશન થયુ તેની સંપુર્ણ વિગતો નોટીસ આપી હોય તો તેની વિગતો. ડીમોલીશન અટકયુ છે તેની વિગતો તથા અચાનક ડીમોલીશનનું નાટક થયુ તેની વિગતો. આ બિલ્ડીગનું બાંધકામ થયુ તે દિવસે નહી અટકાવનાર કટકી કરનાર જવાબદાર છતાં બેજવાબદાર ભ્રષ્ટ અધિકારી વિરૂધ્ધ કાર્યવાહી થઈ હોય તો તેની માહિતિ તથા ન થઈ હોય તો તેના કારણો તથા નામ હોદ્દા સહિતની સંપુર્ણ માહિતિ આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં. સા.ઝોન/ટેક/ ૭૮૯ તા.૩૧–૩–૧૧ થી આપેલ માહિતી માંગ્યા મુજબ આપેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ ,આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા, બાંધકામ બીલ્ડીંગના સમયગાળા વિશે દફતરે કોઈ માહિતિ હોય તો જવાબદારની વિગતો રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૧ તા.૨૦–૪–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ માહિતિમાં ગેરકાયદેસર બાંધકામ નોટીસ આપી તોડેલ છે તેમ છતાં તેમની મુળ અરજીમાં કરેલ આક્ષેપો બીલ્ડીંગની અગાઉના બાંધકામ સમય વિગેરે અંગે આધાર હોય તો દાવાના સમર્થનમાં રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/૮૭ તા.૧૩–૫–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/૭૮૯ તા.૩૧–૩–૧૧ થી અરજદારને આપેલી માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૦–૪–૧૧ ના પત્રના સંદર્ભે પૂર્તતા કરતા પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૯–૩–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૭૮૯ તા.૩૧–૩–૧૧ થી ઉધનાત્રણ રસ્તા ધ્રુવી કોમ્પલેક્ષનું ગેરકાયદેસર બાંધકામ ઉધનાઝોનના પત્ર નં.૬૪૨૭ તા.૧૭–૨–૧૧ થી નોટીસ આપી તોડી પાડવામાં આવેલ છે તેમજ સદર આરટીઆઈમાં માંગેલ અન્ય માહિતી ઉધનાઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ જણાતી નથી. તેવું નિયત સમય અવધિમાં જણાવેલ છે. અરજદારે અપીલ તબકકે થયેલ ડીમોલીશનની તેમજ અટકાવાયેલ ડીમોલીશનની વિગતવાર માહિતી નહીં આપવાના કારણો તથ આ બિલ્ડીંગ બન્યુ તે દિવસે નહી અટકાવનાર જવાબદાર બે જવાબદાર અધિકારી વિરુધ્ધની કાર્યવાહી તથા નામ હોદ્દા સહિતની માહિતી પૂરી પડાઈ ન હોવાનું જણાવી તા.૧૩–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. પૂરક વિગતોમાં અરજદારે "ડીમોલીશનનો દેખાવ કરેલ હકીકતમાં ડીમોલીશન થયું નથી અને આજ દિન સુધી બિલ્ડીંગ અડીખમ હોવાની લેખિત રજૂઆત કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા નોટીસ આપી તોડવામાં આવેલ હોવાનું જણાવેલ છે. તે સિવાયની અન્ય માહિતી દફતરે નહીં હોવાનું જણાવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પડાયેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૩–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવા પાત્ર થાય. તેમ છતાં અરજદારના વિરોધાભાસી દાવાની રજૂઆતને અનુલક્ષી બાબત હેઠળના બીલ્ડીંગના ડીમોલીશનની જે કાર્યવાહી થયેલ હોય તેના દફતરની તપાસણી જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય દિન–૭ માં મેળવી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરીને અરજદાર મેળવી મળેલ પ્રત્યુત્તરની ખરાઈ કરી શકે છે. અરજદારની એવી માંગણી થયે હુકમની અમલવારી કરવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ